જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલીફોન નંબર ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૧૭/03/૨૦૧૭ શુક્રવાર

**અમદાવાદ શહેર પોલીસ સમાચાર**

**નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૫૪૫/૧૭**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૪૪ કેસ કરી, ૪૧ વ્યક્તિઓને ઝડપી, ૩૨૭ લીટર દેશી દારૂ, ૨૯ બોટલ ઈંગ્લીશ દારૂ, ૧૨૦ બિયર ટીન, ૨ સ્કૂટર, ૧ મોટર સાયકલ અને ૧ રિક્ષા કબજે કરી હતી. તેમજ જુગારધારા હેઠળ ૩ કેસ કરી ૧૩ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૩૦,૦૪૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૫૪૬/૧૭**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૨૨૬ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ મુજબ ૨૬ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૧ વ્યક્તિની અટકાયત કરી હતી.

**વિશ્વાસઘાત અને છેતરપીંડી :-** **સમાચાર યાદી નં.૫૪૭/૧૭**

**સોલા હાઈકોર્ટઃ** પરેશકુમાર કાંતીલાલ પટેલ (રહે. રંગસાગર ટેનામેન્ટ સરદારચોક કૃષ્ણનગર નરોડા) એ તા.૧૬/૩/૧૭ સોલા હાઈકોર્ટ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૦/૩/૨૦૧૫ થી આજદિન સુધીના સમયગાળા દરમ્યાન આરોપી ઋષિકેશ ભાવસાર (રહે. શપથ હેક્સા ગુજરાત હાઇકોર્ટ સામે એસ.જી.હાઇવે સોલા) એ પરેશકુમારને વિશ્વાસમા લઇ પરેશકુમારના પરીવારના સભ્યોના અમેરીકાના એલ-૧ વિઝા લાવી આપવાનુ કહી પરેશકુમાર પાસેથી રૂપિયા ૧૬,૮૦,૦૦૦/- મેળવી લઇ વિઝા નહી અપાવી તેમજ પૈસા પરત નહી આપી છેતરપીંડી અને વિશ્વાસઘાત કર્યો છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી સી.એલ.સોલંકી ચલાવે છે.

**બળજબરીથી મોબાઇલ અને રૂપિયા કઢાવી લીધા :-** **સમાચાર યાદી નં.૫૪૮/૧૭**

**કાલુપુર** : મેહુલકુમાર અમૃતલાલ મકવાણા (ઉ.વ.૨૧)(રહે,ઉમંગ ફ્લેટ આનંદ ફ્લેટ પાસે, બાપુનગર) એ તા.૧૬/૩/૧૭ નારોજ કાલુપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૨/૨/૧૭ રાતના ૧૧/૩૦ વાગ્યાનાં સુમારે રીક્ષામાં બેસી ઘરે જવા નિકળેલ ત્યારે રિક્ષા ચાલકે કાલુપુર ફાતિમા મસ્જીદ સામે કાલુપુર બ્રીજ ઉપર રિક્ષા ઉભી રાખી, રીક્ષામાં પાછળ બેઠેલા ઇસમો પૈકી એક ઇસમે છરી જેવું સાધન મેહુલકુમારને અડાડી, તેમના હાથમાંથી રેડમી-૩ એસ મોબાઇલ ફોન કિંમત રૂપિયા ૮,૦૦૦/-, ચાર્જર કિંમત રૂપીયા ૫૦/- તથા રોકડા રૂપીયા ૪૦૦/- બળજબરીથી લઇ, મેહુલકુમારને રીક્ષામાંથી નીચે ઉતારી દઇ નાસી ગયા હતા. આ ગુનાની તપાસ મ.સ.ઇ.શ્રી રોહીતસિંહ લક્ષ્મણસિંહ ચલાવે છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

**સોનાની ચેઇન ખેંચી તોડી લઇ ગયા :-** **સમાચાર યાદી નં.૫૪૯/૧૭**

**રામોલ** : હીરલબેન વા/ઓ ડાહ્યાભાઈ મકવાણા (ઉ.વ.૩૮)(રહે.ગેલેક્ષી કોરલ માધવ હોમ્સ પાસે વસ્ત્રાલ રોડ) એ રામોલ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૬/૦૩/૧૭ ના કલાક ૭/૪૫ વાગ્યાનાં સુમારે માધવ હોમ્સ અને ગેલેક્ષી કોરલ નજીકથી પસાર થઇ રહ્યા હતા દરમ્યાન એક મોટર સાયકલ ઉપર બે પુરૂષ(૨૫ થી ૩૦ વર્ષના આશરાના) હીરલબેનનાં ગળામાંથી સોનાની ચેઇન કિંમત રૂપિયા ૧૯,૦૦૦/-ખેંચી તોડી લઇ ભાગી ગયા હતા. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એચ.બી.બાલીયા ચલાવે છે.

**ચોરી :-** **સમાચાર યાદી નં.૫૫૦/૧૭**

**શહેરકોટડા** : ઇમ્તીયાજ અબ્દુલગફાર શેખ (ઉ.વ.૩૦)(રહે.શાહજહા પાર્ક સોસાયટી, સૈયદવાડી પાસે, વટવા) એ શહેરકોટડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૩/૩/૧૭ બપોરના ૩/૦૦ થી ૩/૪૫ વાગ્યા દરમ્યાન સરસપુર સીટી ગોલ્ડ સિનેમા પાસે આવેલ પુષ્પદિપ આર્કેટ કોમ્પ્લેક્ષ આગળ મુકેલ આઇસર ગાડીની ડ્રાઇવર સાઇડનો દરવાજો ખોલી કાપડની થેલીમાં મુકેલ વકરાના રૂપીયા ૪૦,૦૦૦/- તથા બીજા દસ્તાવેજો સાથેની થેલી કોઇ અજાણી વ્યક્તિ ચોરી કરી લઇ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એન.બી.સોલંકી ચલાવે છે.

**નિકોલ** : શારદાબેન નરશીભાઇ કાનાણી (ઉ.વ.૬૭)(રહે,ગામ-ગોમટા તા-વઢવાણ જી-સુરેન્દ્રનગર) એ નિકોલ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૩/૨/૧૭ સાંજના ૫/૦૦ થી ૬/૦૦ સુધીના સમયગાળા દરમ્યાન આરોપી (૧) આશા મહમદ મણીયાર (રહે,હુસેનનગર એસ.ટી.વર્કશોપની બાજુમા નરોડા પાટીયા) (૨) ભાવીક ઉર્ફે મહેશ દિલીપભાઇ દરજી (રહે,ગોકુલ ગેલેક્ષી કઠવાડા રોડ નિકોલ) તથા ત્રણ અજાણી પેસેન્જર સ્ત્રીઓએ ભેગામળી સી.ટી.એમ ચાર રસ્તા થી જગદીશપાર્ક સુધીની ઓટોરિક્ષાની મુસાફરી દરમ્યાન શારદાબેનની નજર ચુકવી, તેમનાં થેલામાંથી સોનાના દાગીના, સોનાની કંઠી, સોનાનું લોકેટ તથા બે શેરવાળી સોનાની કંઠી જે તમામ મળી કુલ રૂપીયા ૭૦,૦૦૦/- મતાની ચોરી કરી લઇ ગયા છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એન.એનચાવડા ચલાવે છે.

**અપમૃત્યુ :-** **સમાચાર યાદી નં.૫૫૧/૧૭**

**રખિયાલ** : નરેશભાઇ ઉર્ફે નરસિહભાઇ ગોવિંદલાલ સોલંકી (ઉ.વ.૫૮)(રહે.વસંત એસ્ટેટ નાગરવેલ હનુમાન રોડ અમરાઇવાડી) તા.૧૬/૩/૧૭ નાં કલાક ૧૦/૧૫ વાગ્યાનાં સુમારે રખિયાલ ઠક્કર એન્ડ સન્સ એસ્ટેટની મેઇન દિવાલ કોઇ કારણસર પડી જતાં, તે દિવાલમાં નીચે નરેશભાઇ દટાઇ ગયેલ. જેથી શરીરે ગંભીર ઇજાઓ થતા સારવાર માટે તેમને સિવીલ હોસ્પીટલમા દાખલ કરેલ હતા જ્યાં સારવાર દરમ્યાન તા.૧૬/૩/૧૭ સાંજના ૬/૧૫ વાગે ફરજ પરના ડો.શ્રી એ નરેશભાઇને મૃત જાહેર કર્યા હતા. આ અંગે રખિયાલ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી બળદેવસિહ રામસિહ ચલાવે છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

**<u>વાહન અકસ્માતમાં મૃત્યુઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૫૫૨/૧૭</u>**

**માધવપુરાઃ** ધનશ્યામભાઈ નારાયણસહાય ગુપ્તા (ઉ.વ.૪૯) (રહે.શિવ ટાવર રામદેવનગર, સેટેલાઈટ) એ માધવપુરા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે ધનશ્યામભાઈના ભાઈ મદનલાલ નારાયણસહાય ગુપ્તા તા.૧૬/૩/૧૭ કલાક ૧૦/૩૦ વાગે શાહપુર દરવાજા બહાર હલીમની ખડકી મોમીન કબ્રસ્તાન આગળ એક્ટીવા ચલાવી પસાર થઈ રહ્યા હતા ત્યારે અજાણ્યા મોટર સાયકલ ચાલકે મોટર સાયકલ પુરઝડપે અને બેદરકારીથી ચલાવી ટક્કર મારતા મદનલાલ ગુપ્તાને ગંભીર ઈજાઓ થતા સારવાર માટે વા.સા.હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં બપોરના ૩/૪૫ વાગે તેમનુ મૃત્યુ નિપજયું હતુ. આ ગુનાની તપાસ હે.કો શ્રી લાલાભાઈ હીરાભાઈ ચલાવે છે.

**કૃષ્ણનગર** : ઇશવરભાઇ મફાભાઇ સોલંકી (રહે,ઉમંગ ૧/૨ ફ્લેટ, નારોલ કોર્ટની બાજુમાં) એ કૃષ્ણનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૬/૩/૧૭ બપોરનાં ૪/૦૦ વાગે વીજયપાર્ક ચાર રસ્તા જય અંબે ઓટો કંસલ્ટન્ટની સામે નેશનલ હાઇવે નં.૮ ઉપરથી પોતાનો નાનો ભાઇ પ્રહલાદભાઇ મફાભાઇ સોલંકી (ઉ.વ.૨૭) મોટર સાયકલ ચલાવી પસાર થઈ રહ્યા હતા ત્યારે એ.એમ.સી.કચરાના ડબ્બાનાં ચાલકે પુરઝડપે અને બેદરકારીથી વાહન ચલાવી ટક્કર મારતા, પ્રહલાદભાઇને શરીરે ગંભીર ઈજાઓ થતા તેમનું મૃત્યુ નિપજયું હતુ. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એમ.એ.રાઠોડ ચલાવે છે.

**<u>આત્મહત્યાઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૫૫૩/૧૭</u>**

**મેઘાણીનગર** : **(૧)** દિપકભાઇ ભાનુભાઇ પરમાર (રહે,ધનજીભાઇની ચાલી, છેલ્લા બસ સ્ટેશન પાસે મેઘાણીનગર) એ પોતે લગ્ન કરેલ ન હોય અને એકલાવાયુ જીવન જીવતા હોઇ તા.૧૫/૩/૧૭ રાતના ૧૧/૫૫ પહેલા કોઇપણ સમયે પોતાના ઘરે પંખાના હુકમાં ખેસ બાંધી ગળેફાસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે મેઘાણીનગર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી નરેન્દ્રસિહ દલપતસિહ ચલાવે છે.

**મેઘાણીનગર** : **(૨)** પ્રિયંકાબેન હરગોવિન્દભાઇ શ્રીમાળી (ઉ.વ.૧૬)(રહે,ભીમરાવનગર સોસાયટી કલાપીનગર મેઘાણીનગર) એ કોઇ અગમ્ય કારણોસર તા.૧૬/૩/૧૭ બપોરના ૨/૪૦ પહેલા કોઇપણ સમયે પોતાના ઘરે ગળેફાસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે મેઘાણીનગર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી રાજેન્દ્રસિહ રાયસિહ ચલાવે છે.

**નવરંગપુરા** : વૈશાલી ડો/ઓ દિગ્વીજયસિંહ ગઢવી (ઉ.વ.૨૨)(રહે,મ્યુ.સ્ટાફ કવાર્ટસ, લાલ બંગલા પાછળ એલીસબ્રીજ) એ કોઇ અગમ્ય કારણોસર તા.૧૬/૩/૧૭ સવારના ૧૦/૦૦ વાગ્યા પહેલા કોઇપણ સમયે પોતાના ઘરે ગળેફાસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે નવરંગપુરા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી સી.બી.રાઠોડ ચલાવે છે.

**નાયબ પોલીસ કમિશનર**
**કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.**
**પોલીસ કમિશનર વતી.**



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)